BRAMPTON **Service and Information Update**

# સીટી ઓફ્ બ્રેમ્પટન એડિશનલ રેસિડેન્શિયલ યુનિટ્સ (વધારાના આવાસીય એકમો) માટે જાહેર જનતા પાસેથી મંતવ્યો મેળવવા માંગે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 20, 2021) – સીટી ઓફ્ બ્રેમ્પટન સીટીની પરવડી શકે તેવા આવાસોની વ્યૂહરચના, *હાઉસિંગ બ્રેમ્પટન*નાં પ્રતિભાવમાં, એડિશનલ રેસિડેન્શિયલ યુનિટ્સ (ARU) નાં સંબંધમાં નીતિની સમીક્ષા કરવા સમુદાયના મંતવ્યો માંગી રહ્યું છે જે બજારમાં નવા આવાસોનો પુરવઠો વધારે ઝડપથી પૂરો પાડવામાં મદદરૂપ થશે.

પ્રોવિન્સનું બિલ 108 મોર હોમ્સ, મોર ચોઇસ એક્ટ, 2019, ઓન્ટેરિયોની વર્તમાન જમીન-ઉપયોગ યોજના પદ્ધતિને પરિવર્તિત કરે છે, જેનાથી મ્યુનિસિપાલિટીઓને અલગ કરેલા બંધારણોમાં વધારાના આવાસીય એકમોની પરવાનગી આપતી નીતિઓ સ્વીકારવાની જરૂર પડે છે.

ARUs પર નીતિઓ બનાવવાનો હેતુ ઝોનને લગતા અવરોધો ઘટાડવાનો, વધારે આવાસીય પુરવઠો ઊભો કરવાનો, અને શહેરમાં પરવડી શકતા વિકલ્પો વધારવાનો છે.

રહેવાસીઓને ઓનલાઇન સર્વે મારફતે પોતાનો પ્રતિભાવ અહીં જણાવવા આમંત્રિત કરવામાં આવે છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ્ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca